વેચાણ દસ્તાવેજ

જત ડીસ્ટીકટ સબ-ડીસ્ટીકટ અમદાવાદના વટવા તાલુકાના મોજે ગામ **લાભાં** ની સીમના **ખાતા નં.૧૧૬** ના **સર્વે નં.૪૨૭અ** (જુના **સર્વે નં.૪૬૨**) ની **હે.આરે.ચો.મી.૦-૨૨-૨૬** ના **આકાર રૂ.૪.૬૯** પૈસાવાળી જમીન જેનો સમાવેશ **ટી.પી. સ્કીમ નં.૮૨** માં થતા મળેલ **ફા.પ્લોટ નં.૪૯** ની **૧૩૩૬ ચો.મી.** બીનખેતીની જમીન ઉપર આવેલ **"શ્રી શરણ 70"** ના નામે ઓળખાતી યોજનામા આવેલ **બ્લોક નં.** ના **ફલોર** ઉપર આવેલ **ફલેટ નં.** ક્ષેત્રફળ **ચો.મી.** રેરા કારપેટ એરીયા તથા **ચો.મી.** વોશ, બાલ્કની એરીયા તથા સદરહુ યોજનાની કુલ જમીનમાં વણ વહેંચાયેલ **ચો.મી.** જમીન સંયુકત રીતે વાપર ઉપયોગ કરવાના હકક, હિસ્સા સહીતની મીલકતનો વેચાણ દસ્તાવેજ **રૂ.**

નો

<u>**પ્રમોટર્સ**</u> : **“સર્જન ઇન્ફ્રાસ્ટ્રકચર” (PAN No. AEFFS 9229 E)** એ
<u>**એક તરફવાળા**</u>
લખી આપનાર

નામની ભાગીદારી પેઢી કે જેની ઓફીસ: ઓફિસ ૧૦૧, માધવ-૯૯, નિરાંત ચાર રસ્તા, વસ્ત્રાલ, અમદાવાદ મુકામે આવેલ છે તેના વતી અને તરફથી તેના અધિકૃત ભાગીદાર **ધર્મેશ ભરતભાઇ પ્રજાપતિ**
ઉ.વ.આ.૪૦, ધર્મે:હિન્દુ, ધંધો:વેપાર,
રહે: ૮૨, માધવ પાર્ક-૨, માધવ સ્કુલની બાજુમાં, વસ્ત્રાલ, અમદાવાદ.

જેમને હવે પછી આ દસ્તાવેજમાં લખી આપનાર / એકતરફવાળા એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દના અર્થમાં અમો લખી આપનાર સર્જન ઇન્ફ્રાસ્ટ્રક્ચર એ નામની એક ભાગીદારી પેઢી તથા તેના હાલના તથા વખતો વખતના ભાગીદારો તથા તેમના દરેકના વંશ, વાલી,વારસો, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, એટર્નીઓ, એસાઇનીઓ ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.

<u>**લખાવી લેનાર**</u> **:**
બીજીતરફવાળા

જેમને હવે પછી આ દસ્તાવેજમાં લખાવી લેનાર / બીજીતરફવાળા અગર તમો તમારા એ રીતે સંબોધવામાં આવેલ છે અને તે શબ્દના અર્થમાં લખાવી લેનાર તથા વ્યકિતગત દરજ્જે તેમના વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો એસાઇનીઓ, એટર્નીઓ ઇત્યાદી તમામ નો સમાવેશ થાય છે.

જત અમો લખી આપનાર તમો લખાવી લેનારને આ વેચાણ દસ્તાવેજ કરી લખી આપીએ છીએ કે,..

(૧) જત ડીસ્ટીકટ સબ-ડીસ્ટીકટ અમદાવાદના વટવા તાલુકાના મોજે ગામ **લાભાં** ની સીમના **ખાતા નં.૧૧૬** ના **સર્વે નં.૪૨૭અ** (જુના **સર્વે નં.૪૬૨**) ની **હે.આરે.ચો.મી.૦-૨૨-૨૬** ના **આકાર રૂ.૪.૬૯** પૈસાવાળી જમીન જેનો સમાવેશ **ટી.પી. સ્કીમ નં.૮૨** માં થતા મળેલ **ફા.પ્લોટ નં.૪૯** ની **૧૩૩૬ ચો.મી.** બીનખેતીની જમીન અમો લખી આપનાર એટલે કે સર્જન ઇન્ફ્રાસ્ટ્રકચર એ નામની ભાગીદારી પેઢીની માલીકી કબજા ભોગવટાની આવેલ છે અને જે રેવન્યુ રેકર્ડમાં તથા સરકારી અર્ધ સરકારી કચેરીના રેકર્ડમાં અમો પ્રમોટર્સના નામે માલીક કબજેદાર ભોગવટેદાર તરીકે ચાલે છે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં “સદરહુ જમીન” એ રીતે સંબોધવામાં આવેલ છે

(૨) સદરહું સર્વે નં.૪૨૭અ ના ટી.પી. સ્કીમ નં.૮૨ ના ફા.પ્લોટ નં.૪૯ ની ૧૩૩૬ ચો.મી. જમીનને મહેરબાન જીલ્લા કલેકટર સાહેબ, અમદાવાદના હુકમ નં.૧૪૧૭/૦૭/૧૬/૦૩૩/૨૦૨૦, તા.૪/૦૭/૨૦૨૦ ના રોજના હુકમથી ૧૩૩૬ ચો.મી. રહેણાંક/વાણિજ્ય હેતુ માટે બીનખેતીમાં તબદીલ કરવામાં આવેલ છે.

(૩) વધુમા સદરહુ જમીન ઉપર રહેણાંકીય તથા વાણીજય ઉપયોગી બાંધકામ કરવા અંગે ના પ્લાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા **બ્લોક નં.એ+બી** માટે કેસ નં.બીએલએનટીએસ/એસઝેડ/૦૩૦૩૨૧/સીજીડીસીઆર વી/એ૪૬૩૦/આર૦/એમ૧ થી તારીખ. ૩૧/૦૫/૨૦૨૧ ના રોજ મંજુર કરવામા આવેલ છે અને તે મુજબ સદર જમીન ઉપર એકતરફવાળાએ **“શ્રી શરણ”** નામે ઓળખાતી બિલ્ડીંગનુ બાંધકામ કરવાનુ શરૂ કરેલ છે (જેને હવે પછી આ દસ્તાવેજમાં “સદરહુ યોજના” એ રીતે ઓળખવામા આવશે).

(૪) ઉપરોકત દર્શાવેલ વિગતે મંજુર કરાવેલ પ્લાનો અનુસાર સદરહુ જમીનમાં કોમન એમેનીટીઝ અને ફેસીલીટીઝ વિગેરેની જોગવાઈ સાથેની રહેણાંક હેતુના ફલેટોનું બાંધકામ કરાવી યોજના તૈયાર કરેલ છે જે યોજના **“શ્રી શરણ 70”** નાં નામથી ઓળખાય છે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં સદરહુ યોજના એ રીતે સંબોધવામાં આવેલ છે.

<u>વધુમાં સદર યોજનાની વિસ્તૃત જાણકારી નીચે મુજબ આવેલ છે.</u>

*** બિલ્ડીંગ/યોજનાનુ નામ : “શ્રી શરણ 70”**

*** બ્લોકસ/વિંગ્સની સંખ્યા : ૧**

ફલોર	ઉપયોગ	બ્લોક એ+બી માં આવેલ યુનિટો
		રેસી. | નોન રેસી.
ગ્રાઉન્ડ ફલોર	પાર્કીંગ	- | -
પ્રથમ માળ	રહેણાંક	૧૦ | -
બીજો માળ	રહેણાંક	૧૦ | -
ત્રીજો માળ	રહેણાંક	૧૦ | -
ચોથો માળ	રહેણાંક	૧૦ | -
પાંચમો માળ	રહેણાંક	૧૦ | -
છઠ્ઠો માળ	રહેણાંક	૧૦ | -
સાતમો માળ	રહેણાંક	૧૦ | -
સ્ટેર કેબીન	સ્ટેર કેબીન	૦ | ૦
ઓવર હેડ વોટર ટેંક	ઓ.એચ. ડબ્લ્યુ.ટી	૦ | ૦
	કુલ	૭૦ | ૦

તથા તેમા આવેલ કોમન એમેનીટીઝ તથા ફેસીલીટીઝ સહીતની મીલકત કે જેનુ વિગતવાર વર્ણન નીચે પરિશીષ્ટ-૨ (પાર્ટ-એ) માં વર્ણવવામા આવેલ છે.

(૫) વધુમા સદર **"શ્રી શરણ 70"** નામે ઓળખાતી યોજના કે જેમા બ્લોક નંબર "એ+બી", નું બાંધકામ હાલમાં જારી હોઇ તે અંગે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલેપમેન્ટ) એકટ, ૨૦૧૬ (કે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "સદર કાયદો"એ રીતે સંબોધવામાં આવશે) અંતર્ગત રીયલ એસ્ટેટ ડેવલપમેન્ટ ઓથોરીટી સમક્ષ નોંધણી નં............................. તારીખ................... થી નોંધવામા આવેલ છે જે નોંધણી અમલમાં છે.

(૬) વધુમાં સદરહુ યુનીટ અંગે અમો એકતરફવાળાએ તમો બીજીતરફ વાળાની તરફેણમાં એક રજીસ્ટર બાનાખતનો કરાર કરી આપેલ જે બાનાખત અમદાવાદ (અસલાલી-૧૧) ના મહે. સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી સમક્ષ અનુક્રમ નં.............. થી તા............................. ના રોજ નોંધાયેલ જેની તમામ શરતોનુ પાલન આ વેચાણ દસ્તાવેજમાં કરવામાં આવેલ છે.

(૭) વધુમા અમો એકતરફવાળાએ સદર યોજનાની જમીનમા બાંધકામ કરવા માટે પ્લાન, ડીઝાઈન, સ્પેશીફીકેશન અમારા આર્કીટેકટ દ્વારા તૈયાર

કરાવેલ જે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશને મંજુર કરેલ છે જે પ્લાન, ડીઝાઈન, સ્પેશીફીકેશન તથા રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ અંતર્ગતના અન્ય સંલગ્ન દસ્તાવેજો ઈત્યાદી તમામની નકલ અમો પ્રમોટર્સએ તમો એલોટીને સોંપેલ છે જે તમો એલોટીએ જોઇ, તપાસી લીધેલ છે અને તે અંગે તમો એલોટીએ કોઇપણ વાંધો કે તકરાર કરવાનો રહેતો નથી અને જો કરીએ તો તે રદબાતલ અને નિરર્થક છે અને તે અનુસાર સદર મીલકતનું બાંધકામ કરેલ છે.

(૮) વધુમાં અમો લખી આપનારે સદર યોજનાની જમીનનુ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ એડવોકેટનું લાવી આપેલ છે જે તમો લખાવી લેનારે જોઇ, તપાસી લીધેલ છે અને તે તમો લખાવી લેનારે માન્ય રાખેલ છે અને તે અંગેની કોઇપણ તકરાર લખાવી લેનાર કરી શકશે નહી અને જો કરે તો તે રદબાતલ અને નિરર્થક બનશે એટલું જ નહી પરંતુ અમો લખી આપનારે સદરહુ મીલકતના ટાઈટલ ડીડસ જેવા કે વેચાણ દસ્તાવેજો, મંજુર કરાવેલ પ્લાન, બીનખેતીની પરવાનગી, ગામ નુમના નંબર ૭/૧૨ તથા અન્ય સંલગ્ન રેકર્ડમાંની ઝેરોક્ષ નકલ પણ તમો લખાવી લેનારને આપેલ છે જે તમોએ તમારા એડવોકેટશ્રી/સોલીસીટર્સશ્રી દ્વારા તપાસી લીધેલ છે તેથી તે અંગેની કોઇપણ તકરાર લખાવી લેનાર કરી શકશે નહી અને જો કરે તો તે રદબાતલ નિરર્થક બનશે.

(૯) વધુમાં તમો લખાવી લેનારે સદર યોજનામા જોડાવવાના આશયથી લખી આપનારને અરજી કરેલ અને લખી આપનારે સદર **"શ્રી શરણ 70"**ના નામે ઓળખાતી યોજનામા આવેલ **બ્લોક નં.** ના **ફલોર** ઉપર આવેલ **ફલેટ નં.** ક્ષેત્રફળ **ચો.મી.** રેરા કારપેટ એરીયા તથા **ચો.મી**. વોશ, બાલ્કની એરીયા તથા સદરહુ યોજનાની કુલ જમીનમાં વણ વહેંચાયેલ **ચો.મી.** જમીન સંયુકત રીતે વાપર ઉપયોગ કરવાના હકક, હિસ્સા સહીતની મીલકત (જેનુ વિગતવાર વર્ણન આ સાથેના પરીશીષ્ટ-૧ માં વર્ણવવામા આવેલ છે) તથા સદરહુ પ્રોજેકટમાં આવેલ તમામ કોમન એમેનીટીઝ તથા ફેસીલીટીઝ સહીતની મીલકત (જેનુ વિગતવાર વર્ણન આ સાથેના પરીશીષ્ટ-૨ (પાર્ટ-એ) મા વર્ણવવામા આવેલ છે) તે અમો લખી આપનારે તમો લખાવી લેનારને કુલ ઉચ્ચક કીંમત માં આજરોજ

વેચાણ આપેલ છે.

: કુલ ઉચ્ચક કિંમત અંગે સમજુતી :

(એ) સદર બિલ્ડીંગના મેઈન્ટેનન્સ ડીપોઝીટ પેટે લખી આપનાર નકકી કરે તે મુજબની રકમ લખાવી લેનારે અલગથી ચુકવવાની રહેશે જેનો સમાવેશ કુલ ઉચ્ચક કિંમતમાં થતો નથી જે રકમ લખી આપનાર સદરહુ યોજનામાં બનાવવામાં આવનાર સર્વીસ સોસાયટીના નામે બેન્કમાં જમા કરશે અને સર્વીસ સોસાયટી તેવી રકમ કોમન સુવિધાઓના મેઈન્ટેનન્સ અર્થે વાપરશે એટલું જ નહી પરંતુ સોસાયટી વખતો વખત નકકી કરે તે મુજબ માસીક/ત્રિમાસીક/વાર્ષિક મેઈન્ટેનન્સ પણ લખાવી લેનારે ચુકવવાનો રહેશે.

(બી) જો લાગુ પડતુ હોય તો સર્વીસ ચાર્જ, વેલ્યુ એડેટ ટેક્ષ (વેટ), સેલ્સટેક્ષ, જી.એસ.ટી. તથા સરકારશ્રી વખતો વખત નકકી કરે તેવા તમામ ચાર્જીસ લખાવી લેનારે અલગથી ભરવાના રહેશે.

(સી) ઉપરોકત ચાર્જીસ સિવાય હાલ અન્ય કોઇ ચાર્જીસ ટેક્ષો સદર મીલકતના સદર વ્યવહારને લાગુ પડતા નથી તેમ છતા રાજય સરકાર કે કેન્દ્ર સરકાર કે કોઇપણ ઓથોરીટી કે સંસ્થા કોઇ ટેક્ષો, વેરા, ચાર્જીસ વસુલ કરે તો તેવા તમામ ચાર્જીસ, ટેક્ષો, વેરા લખાવી લેનારે ભરવાના રહેશે એટલું જ નહી આ વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ તમામ ખર્ચાઓ, ચાર્જીસ ઈત્યાદી પણ અલગથી ચુકવવાના રહેશે.

(૧૨) વધુમા સદર મીલકતની કુલ ઉચ્ચક વેચાણ કિંમત

ની રકમ તમો લખાવી લેનારે

અમો લખી આપનારને નીચેની વિગતે ચુકવી આપેલ છે.

: વેચાણ અવેજ પહોંચ્યાની વિગત :

એ રીતે આ મીલકતના વેચાણ અવેજની રકમ તમો લખાવી લેનારે ઉપરોકત વિગતે અમો લખી આપનારને ચુકવેલ છે જે પહોંચ્યાની આથી અમો લખી આપનાર પહોંચ સ્વીકારીએ છીએ.

(૧૩) વધુમાં સદરહુ મીલકત સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો લખી આપનારએ તમો લખાવી લેનારને સોંપેલ છે જે તમો લખાવી લેનારે સંભાળી લીધેલ છે.

(૧૪) વધુમાં આ વેચાણ દસ્તાવેજમાં જણાવેલ શરતોને આધીન હવેથી સદરહુ મીલકત ચાંદો-સુરજ તપે ત્યાં સુધી તમો લખાવી લેનાર સુખેથી વાપરો, ભોગવો, વેચો, સાટો, ગીરો કરો બક્ષીસ કરો યા તે તમો તમારૂ દીલ ચાહે તેમ કરવા માલિક મુખત્યાર છો અને સદરહુ મીલકતમાંથી નવેનીધ્ધ અષ્ટમાસિધ્ધ જે કાંઈપણ પ્રગટ થાય તે તમામ તમો લખાવી લેનારના નસીબનું છે.

(૧૫) સદરહુ મીલકત અંગેના આજદીન સુધીના તમામ કરવેરા, જમીન મહેસુલ, શિક્ષણ વેરો, ગ્રામ પંચાયત વેરો, બેટરમેન્ટ ટેક્ષ ઈત્યાદી તમામ અમો લખી આપનારે ભરેલ છે તેમ છતાં જો આજદીન પહેલાના તેવા, કરવેરા, ટેક્ષ ઈત્યાદી ભરવાના બાકી હોય તો તે ભરવાની જવાબદારી અમો લખી આપનારની છે અને રહેશે અને આજ પછીના તેવા તમામ કરવેરા, જમીન મહેસુલ, શિક્ષણ વેરો, ગ્રામ પંચાયત વેરો, અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન ટેક્ષ, ટોરેન્ટ પાવર લીમીટેડ તથા કોમન વહીવટી ખર્ચ ઈત્યાદી તમામ ભરવાની જવાબદારી લખાવી લેનારની છે અને રહેશે.

(૧૬) વધુમા સદરહુ યોજનામાં જોડાનાર તમામ સભાસદોના નામો રેવન્યુ રેકર્ડમા દાખલ થઇ શકે તે હેતુથી તેમના ટાઈલ્સને નુકશાન ન થાય તેમજ ઓનરશીપ ફલેટ એકટ, ૧૯૭૩ હેઠળ શુધ્ધબુધ્ધિથી સદરહુ જમીનનો વણ વહેંચાયેલ વરાડે પડતો જમીનનો હિસ્સો તમો લખાવી લેનાર તથા અન્ય સભાસદોના નામે તબદીલ કરવામાં આવેલ છે અને જો રેરાના નિયમો અનુસાર ફરજીયાતપણે જમીનનો હિસ્સો પણ સર્વિસ સોસાયટીના નામે તબદીલ કરવાનુ થાય તો તેવા સંજોગોમા તમો લખાવી લેનાર તથા સદર યોજનામા જોડાનાર તમામ સભાસદોએ જમીનનો તેઓને વરાડે પડતો હિસ્સો સંયુકત રીતે સર્વિસ સોસાયટીના નામે તબદીલ કરી આપવાનો રહેશે અને સર્વિસ સોસાયટીના નામે દસ્તાવેજ કરવા અંગે જે કોઇ સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી તથા અન્ય ખર્ચા થાય તેની વરાડે પડતી રકમ સદર મીલકત ના વેચાણ દસ્તાવેજ અગાઉ સર્વિસ સોસાયટીમાં તમો લખાવી લેનારે અલગ

થી આપવાની રહેશે.

(૧૭) સદરહુ મીલકત સરકારી તેમજ અર્ધઃસરકારી રેકર્ડમાં તથા અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન તથા ટોરેન્ટ પાવર લીમીટેડના રેકર્ડમાં તથા લાગુ તમામ જગ્યાએ અમો લખી આપનારની પરવાનગી મેળવી તમો લખાવી લેનારે તમારા ખર્ચે, જોખમે અને હીસાબે તમારા નામે ટ્રાન્સફર કરાવી લેવા હકકદાર છો અને તે અંગે અમો લખી આપનારની જે જે જગ્યાએ સહી, મત્તા, સાક્ષી કે કબુલાતની જરૂરિયાત ઉભી થાય તે તમામ જગ્યાએ અમો લખી આપનાર સહી, મત્તા, સાક્ષી કે કબુલાત કરી આપવા બંધાયેલા છીએ.

(૧૮) સદરહુ મીલકત અંગેના અમો લખી આપનાર પાસે જે કોઈપણ દસ્તાવેજો, મંજુરીઓ અન્ય કાગળો છે તે તમામની સહી, સિકકાવાળી ખરી નકલ અમો લખી આપનારે તમો લખાવી લેનારને સોંપેલ છે જે તમો લખાવી લેનારે સંભાળી લીધેલ છે પરંતુ સદર અસલ દસ્તાવેજો, મંજુરીઓ અન્ય કાગળો લખી આપનારના કબજા-ભોગવટામાં રહેશે જે તમામ ટાઈટલ્સ ના ડીડ્સ સર્વિસ સોસાયટીને સુપ્રત કરવામાં આવશે.

(૧૯) વધુમાં સદરહુ મીલકતનુ રેરા કાર્પેટ મુજબનુ ક્ષેત્રફળ તમો લખાવી લેનારે પોતે જાતે અને/અથવા તમારા સર્વેયર મારફતે મપાવી લીધેલ છે તેથી ક્ષેત્રફળ બાબતે તમો લખાવી લેનારે કોઇ તકરાર કરવાની રહેતી નથી તેમજ સદર બાંધકામ વાળી મીલકત પોતે જાતે તથા પોતાના એન્જીનીયર મારફતે જોઈ, તપાસી લીધેલ છે અને તેના બાંધકામથી તેઓ સંપુર્ણ સંતુષ્ટ થયેલ છે.

(૨૦) વધુમાં જો તમો લખાવી લેનાર દેશ બહારના નાગરીક હોય તો તમો લખાવી લેનારને ફોરેન એક્ષચેન્જ મેનેજમેન્ટ એકટ ૧૯૯૯ તથા રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા તથા અન્ય નિયમોના પાલન કરવાની સંપૂર્ણ જવાબદારી તમો લખાવી લેનારની બની રહેશે તેની સદરહુ મીલકતના વેચાણ અંગે જે કોઇ મંજુરીઓ મેળવવાની થાય તે તમો લખાવી લેનારે મેળવી લીધેલ/લેવાની છે તેમજ સરકારી કાયદા મુજબ તમામ નિતિ-નિયમો પાલન કરવાના રહેશે તેમજ ફોરેન એક્ષચેન્જ મેનેજમેન્ટ એકટ-૧૯૯૯ અથવા વૈધાનિક કાયદાઓ અથવા તેના સુધારા અથવા ભારતીય રીઝર્વ બેન્કના નિમયોના વખતો વખતના જોગવાઇનો પાલન કરવાનો રહેશે તેમજ તેઓએ મીલકત વેચાણ રાખવા માટે જે કોઇ માર્ગદર્શિકા જાહેર કરેલ હોય તો તે પાલન કરવાની રહેશે તે અંગે અમો લખી આપનારની કોઇ જવાબદારી રહેશે નહી તેમજ

ભવીષ્યમાં તે અંતર્ગત કોઇ નોટીસ મળે કે ઈન્કવાયરી થાય તે અંગે તમો લખાવી લેનારે જે કોઇ કાર્યવાહીઓ કરવાની થતી હોઇ તે તમો લખાવી લેનારે કરવાની રહેશે તેમજ તેના પરીણામ અંગેની પણ સંપુર્ણ જવાબદારી તમો લખાવી લેનારની રહેશે.

(૨૧) વધુમા સદરહુ મીલકતની વેચાણ અવેજ જો તમો લખાવી લેનારે અન્ય વ્યકિતના ખાતામાંથી આપેલ હોય તો તેવા સંજોગોમાં જેમના પણ ખાતામાંથી સદર વેચાણ અવેજની રકમ પ્રાપ્ત થાય તેઓનો સદર મીલકતમાં હકક પ્રસ્થાપિત થશે નહી પરંતુ તેઓ અવેજ તમારા વતી મળેલ હોવાનુ ગણાશે એટલું જ નહી પરંતુ તેવી તમામ રકમો તમો લખાવી લેનારે ઈન્કમટેક્ષના કાયદા મુજબ બતાવવાની રહેશે અને ઈન્કમટેક્ષના કાયદાના તમામ નિતી નિયમોનો અમલ કરવાનો રહેશે અને જો કોઇ સંજોગોમાં ઈન્કમટેક્ષ કાયદા હેઠળ કોઇ નોટીસ બને અને અથવા તો બેનામી કાયદા હેઠળ સદરહુ મીલકત એટેચમેન્ટમાં આવે તો તેની સંપુર્ણ જવાબદારી તમો લખાવી લેનારની રહેશે અને તે માટે અમો લખી આપનાર જવાબદાર રહીશુ નહી.

(૨૨) વધુમાં અમો લખી આપનાર તમો લખાવી લેનારને નીચે મુજબની પાકી ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ કે,

(એ) સદર પ્રોજેકટનુ બાંધકામ પુર્ણ કરવા માટે જરૂરી તમામ પરવાનગીઓ અમો પ્રમોટર્સએ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન તથા અન્ય લાગુ પડતી સક્ષમ સંસ્થાઓ પાસેથી મેળવી લીધેલ છે તેમજ બાંધકામ પુર્ણ કરી બી.યુ. પરવાનગી પણ મેળવી આપીશું.

(બી) સદરહુ જમીનના ટાઈટલ સર્ટીફીકેટમાં જણાવ્યા સિવાય કોઇ બોજો કે ચાર્જ આવેલ નથી કે કોઈ લીટીગેશન, દાવાઓ ચાલુ નથી.

(સી) અમો લખી આપનાર સદરહુ મીલકત તમો લખાવી લેનારને વેચાણ આપવા હકકદાર છીએ અને અમોએ કોઇ શરતભંગ કરેલ નથી તેમજ તમોને વેચાણ આપેલ મીલકતમાં અમોએ કોઇ રાઈટસ ઉપસ્થિત કરેલ નથી કે અન્ય કોઇ બાનાખતનો કરાર કરી આપેલ નથી કે અન્ય કોઇ લખાણો કરેલ નથી કે જેથી તમો લખાવી લેનારના હકકોને નુકશાન થાય.

(ડી) સદર મીલકત વેચાણ આપવા અંગે અમો લખી આપનાર સામે કોઇ કોર્ટનો કે સક્ષમ સંસ્થાનો મનાઈ હુકમ નથી.

(ઈ) સદર પ્રોજેકટને લગતા આજદીન સુધીના તમામ ટેક્ષો, બીલો, ચાર્જીસ ઈત્યાદી તમામ અમો લખી આપનારે ભરપાઈ કરી દીધેલ છે આજ પછીથી

તેવા ટેક્ષો, બીલો ચાર્જીસ ભરવાના થાય તે તમો લખાવી લેનારે ભરવાના રહેશે.

(એફ) સદરહુ મીલકતના ટાઈટલમાં જણાવ્યા સિવાય સદરહુ મીલકત અંગે અમોને આજદીન સુધી રાજય સરકાર, સરકારી અર્ધઃસરકારી સંસ્થા પાસેથી નોટીસ મળેલ નથી કે કોઇ સંપાદનની પણ નોટીસ મળેલ નથી.

(૨૩) વધુમાં તમો લખાવી લેનારે અમો લખી આપનારને નીચે મુજબની પાકી ખાત્રી અને બાંહેધરી આપેલ છે.

(એ) સદરહુ મીલકતનો કબજો તમો લખાવી લેનારે સંભાળી લીધેલ છે અને હવેથી સદરહુ મીલકત સારી કન્ડીશનમાં લખાવી લેનારે પોતાના ખર્ચે રાખવાની રહેશે તેમજ સર્વિસ સોસાયટીના વખતો વખતના ધારા ધોરણનુ પાલન કરવાનુ રહેશે એટલું જ નહી પરંતુ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, ટોરેન્ટ પાવર લીમીટેડ, લોકલ ઓર્થોરીટી કે સંસ્થાના તમામ નિતી નિયમોનો પાલન કરવાનો રહેશે અને તેઓ જે કોઈ નોટીસો, સુચના આપે તેનુ પાલન કરવાનું રહેશે તેમજ તેમને યોગ્ય જવાબ આપવાનો રહેશે.

(બી) તમો લખાવી લેનારે સદરહુ મીલકતનો ઉપયોગ/વપરાશ દરમ્યાન કોઇ પણ જાતની ગેરકાયદેસર યા સરકારી અર્ધ સરકારી પ્રતિબંધીત ચીજ-વસ્તુનો, વિસ્ફોટક પદાર્થો ધંધો કરવા/કરાવવાનો નથી કે સદરહુ મીલકત માં કોઇપણ જાતની ગેરકાયદેસર યા સરકારી અર્ધઃસરકારી પ્રતિબંધીત ચીજ-વસ્તુઓ, વિસ્ફોટક પદાર્થો રાખવાના નથી કે મુકવાના નથી તેમજ સદરહુ મીલકતમાં લખાવી લેનારે કોઇ સરકારી અર્ધઃસરકારી કાયદા વિરુધ્ધની કોઇજ પ્રવૃતિ કરવા/કરાવવાની નથી તેમજ એવી કોઇ અતિ વજનદાર વસ્તુ રાખવાની નથી કે જેથી સદરહુ મીલકત કે તેના સ્ટ્રકચરને નુકશાન થાય કે એવી વસ્તુ કે જેનાથી બીલ્ડીંગની કોમન એમેનીટીઝ જેવી કે સીડી, પેસેજ તથા અન્ય એમેનીટીઝને નુકશાન થાય કે લાવતા અને લઇ જતા નુકશાન થાય તેમ છતા આવી કોઈ વસ્તુ તમો લખાવી લેનાર રાખો અને તેનાથી કોઇપણ પ્રકારે નુકશાન થાય તો તેની જવાબદારી તમો લખાવી લેનાર ની રહેશે અને તે તમો લખાવી લેનારે પેનલ્ટી સાથે ભરપાઈ કરવાના રહેશે અને તે અંગે સર્વીસ સોસાયટી જે કોઇ નિર્ણય લે તે તમો લખાવી લેનારને બંધનકર્તા રહેશે.

(સી) સદરહુ મીલકતના આંતરીક રીપેરીંગના કામો તમો લખાવી લેનારે વખતો વખત પોતાના ખર્ચે કરવાના રહેશે તેમજ સદરહુ મીલકત જે સ્થીતી મા છે તે સ્થીતીમા રાખવાની રહેશે તેમા કોઇપણ જાતનો ફેરફાર કરવાનો

રહેશે નહી તેમજ ગેરકાયદેસર બાંધકામ કરી અમ. મ્યુનિસીપલ કોર્પોરેશન કે લાગુ પડતી સક્ષમ સંસ્થાના નિતી-નિયમોનો કોઈ ભંગ કરવાનો રહેશે નહી અને વખતો વખત બાંધકામ અંગે સર્વીસ સોસાયટી, અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન કે લાગુ પડતી સક્ષમ સંસ્થા જે કોઇ નિર્ણય લે તેનુ પાલન તમો લખાવી લેનારે કરવાનો રહેશે તેમ છતા તે અંગે તમો લખાવી લેનાર આ કોઇ શરતભંગ કરે તો તે સામે અમો લખી આપનાર તથા સર્વિસ સોસાયટી કાર્યવાહી કરી શકશે અને તે અંગે જે કોઇ નુકશાન થાય તે પેનલ્ટી સહીત તમો લખાવી લેનાર ભરપાઈ કરવા બંધાયેલા છીએ.

(ડી) વધુમા સદરહુ મીલકતની દીવાલો કોમન છે તેથી કોઇપણ સભાસદ તેનુ અલગ વિભાજન માંગી શકશે નહી એટલું જ નહી પરંતુ દરેક સભાસદો ને જમીનમાં વગર વહેંચાયેલ હકક છે તેના વિભાજનની માંગણી પણ કોઇ પણ સભાસદ કરી શકશે નહી તેમજ લખાવી લેનારે કયારેય પણ પોતાના માલીકીની મીલકત તોડવાની રહેશે નહી કે એવી કોઇ તકરાર કરવાની રહેશે નહી કે તેઓની માલીકની મીલકતનો તેઓ ગમે તે રીતે વ્યય કે વ્યવસ્થા કરી શકે છે તેમજ સદરહુ મીલકત અંગે જે કોઈ ડ્રેનેજ, પાઈપ લાઇન તથા ઈલેકટ્રીફીકેશનની વ્યવસ્થા કરવામાં આવેલ છે તે જાળવી રાખવાની રહેશે કે સદરહુ મીલકતમાં આવેલ બીમ, દિવાલ, સ્લેબ, આર.સી.સી.ને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરવાનો રહેશે નહી અને કરે કરાવે અને તેનાથી જે કોઇ નુકશાન થાય તો તે તમો લખાવી લેનારે તેના ઉપરના પેનલ્ટી સહીત ભરપાઈ કરવાની રહેશે.

(ઈ) વધુમાં દરેક ફલેટના વેચાણ લેનારાઓને તેમના ફલેટ/દુકાનની આગળ લખી આપનારે નિશ્ચિત કરેલ જગ્યાએ નકકી કરેલ સાઈઝ અને આકારમાં પોતાનુ નેમ પ્લેટ લગાવી શકશે અને તે સિવાય સદરહું બિલ્ડીંગ ના સીડીઓમાં, બિલ્ડીંગની બહારી દીવાલોમાં, ટેરેસ ઉપર કે અન્ય કોઇપણ જગ્યાએ પોતાના નામનો બોર્ડ, સાઈન બોર્ડ, નિઓન લાઈટ, જાહેરાત થાય તેવી કોઇપણ વસ્તુ મુકવાની રહેશે નહી તે સિવાય સદર બિલ્ડીંગના બહારના દરેક જગ્યાને માલીકી સર્વિસ સોસાયટીની કાયમી રહેશે અને સર્વિસ સોસાયટી પોતાને યોગ્ય લાગે તે રીતે ઉપયોગ કરવાનો રહેશે.

(એફ) વધુમા તમો લખાવી લેનારે સદર ફલેટના બહારી દીવાલોનો રંગ કયારેય પણ બદલવાનો રહેશે નહી કે બહારી ડીઝાઈન કે એલીવેશન ચેન્જ કરવાના રહેશે નહી.

(જી) વધુમાં તમો લખાવી લેનારને વેચાણ આપેલ ફ્લેટના માટે મુકવામાં આવેલ ડ્રેનેજ લાઈન તથા પાણીની પાઈપ લાઈનમાં તમો લખાવી લેનારે કયારેય પણ કોઇ ફેરફાર કરવાનો રહેશે કે નક્કી કરેલ પોઈન્ટ સિવાય વધારાનો પોઈન્ટ આપી તેનો ઉપયોગ કરવાનો રહેશે અને કરો કરાવો તો તેની જવાબદારી અમો લખી આપનારની રહેશે નહી.

(એચ) વધુમાં સદરહુ મીલકતનો ઉપયોગ લખાવી લેનારે જે હેતુસર ફાળવવામા આવેલ છે તે હેતુસર જ કરવાનો રહેશે અને ભવિષ્યમાં સદરહુ મીલકતનો ઉપયોગ અન્ય કોઇ બીજા હેતુસર ઉપયોગ કરવાનો રહેશે નહી અને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનએ જે મુજબ પરવાનગી આપેલ છે તે રીતે જ કરવાનો રહેશે અને તેમાં કોઇપણ ફેરફાર કરવામા આવશે તો સર્વિસ સોસાયટી તે અંગે કડક પગલા લઇ શકશે.

(આઈ) વધુમાં તમો લખાવી લેનારને વેચાણ આપેલ ફલેટના માટે જે ઈલેકટ્રીક કનેકશન આપવામા આવેલ છે તથા જેટલા પોઈન્ટ આપવામા આવેલ છે તે મુજબ ઈલેકટ્રીક કંપની પાસેથી પાવર લોડ લેવામાં આવેલ છે તેથી તે પાવર લોડ પ્રમાણે જ સદર ફલેટમા સાધન સામગ્રી વાપરવાની રહેશે તેમ છતા જો તમો એલોટીને ફલેટ માટે આપવામા આવેલ પાવર લોડ કરતા વધારે સાધન સામગ્રી વાપરવાની હોય તો તમો એલોટીએ જાતે પોતાના ખર્ચે ઈલેકટ્રીક કંપની પાસેથી વધારાનો પાવર લોડ મેળવી લેવાનો રહેશે અને તે માટે સર્વીસ સોસાયટીને જે કોઈ મંજુરીઓ લેવી પડે તે તમો લખાવી લેનારે મેળવી લેવાની રહેશે તેમ છતા તેમ કરવામા તમો લખાવી લેનાર કસુર કરો અને તેના કારણે સદર બિલ્ડીંગની કે આજુબાજુ આવેલ મીલકતોને કોઈ નુકશાન થાય તો તે અંગેની તમામ જવાબદારી તમો લખાવી લેનારની રહેશે.

(જે) વધુમાં કુત્રીમ તેમજ કુદરતી આફત જેવી કે ભુકંપ, આગ, યુધ્ધ, આંતરીક ધમાલ, અતિવૃષ્ટી જેવી આફતો કે જે કોઈના હાથમાં નથી તેવી આફતો સામે રક્ષણ મેળવવા કુલ કિંમતનો માન્ય વીમો રાષ્ટ્રીય કંપની પાસેથી બી.યુ.પરવાનગી સુધીનો અને/અથવા સંપુર્ણ યોજનાનો વહીવટ સર્વિસ સોસાયટીને સોંપવામાં આવે ત્યાં સુધીનો અમો લખી આપનારે મેળવેલ છે અને ત્યારબાદ પછીનો વિમો તમો લખાવી લેનારે પોતે જાતે અથવા તો સર્વિસ સોસાયટી મારફતે મેળવવાનો રહેશે અને સર્વિસ સોસાયટી વીમાના પ્રિમીયમ અંગે વરાડે પડતો જે કોઇ રકમ વસુલ કરે તે તમો લખાવી લેનારે વરાડે પડતી ચુકવી આપવાની રહેશે વધુમા વિમાની

શરતનો કોઈ ભંગ ન થાય કે વિમો રદ થાય તેવુ કોઇ કૃત્ય તમો લખાવી લેનારે કરવાનુ રહેશે નહી.

(કે) સદરહુ મીલકતના આજુબાજુ લખાવી લેનારે કે સદરહુ મીલકતના વખતો વખતના માલિકોએ કોઇપણ જાતની ગંદકી કરવાની રહેશે નહી કે સદર મીલકતની આજુબાજુ કચરો ફેંકવાનો રહેશે નહી અને સદરહુ સ્કીમમાં હંમેશા સ્વચ્છતા જાળવી રાખવાની રહેશે એટલું જ નહી પરંતુ આજુબાજુ વાળાને ન્યુસન્સ થાય તેવા કોઇ કૃત્ય કરવાના રહેશે નહી.

(એલ) સદરહુ મીલકત પઝેશન માટે તથા વાપરવા સારૂ તૈયાર હોય અને તે બાબતની લખી આપનારની લખાવી લેનારને ૧૫ દિવસની નોટીસ આપવામાં આવે ત્યારથી લખાવી લેનારે પોતાની મીલકતના કાર્પેટ એરીયા ના પ્રમાણમાં સહભાગી તરીકે સદરહુ મીલકત અંગેના અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના ટેક્ષો, ઈલેકટ્રીક બીલો, વોટર બીલો તથા અન્ય લાગુ ટેક્ષો બીલો તમો લખાવી લેનારે ભરવાના રહેશે તેમજ કોમન એરીયા અંગે જે કોઇ વણ વહેંચાયેલ વરાડે પડતો મહેસુલ, બેટરમેન્ટ ચાર્જીસ, ડેવલપમેન્ટ ચાર્જીસ કે તેવાજ પ્રકારના અન્ય કોઇ ચાર્જીસ લાગુ પાડે તો તેવા તમામ ચાર્જીસ પણ તમો લખાવી લેનારે તથા સદરહુ યોજનામાં જોડાનાર તમામ સભ્યોએ ભરવાના રહશે અને તેવી રકમ સર્વિસ સોસાયટી માં જમા કરી સર્વિસ સોસાયટી દ્વારા તેવી તમામ ચાર્જીસ ભરપાઈ કરવાની રહેશે અને જયાં સુધી લખાવી લેનારનો હિસ્સો નકકી ન થાય ત્યાં સુધી લખાવી લેનારે **દર મહિને રૂા. /- અંકે રૂપીયા પુરા** લખી આપનારને ચુકવવાના રહેશે તેમજ ૧૨ માસનું મેઈન્ટેનન્સ એડવાન્સમાં ચુકવવાનું રહેશે.

(એમ) ભવીષ્યમાં સદરહુ મીલકત અંગે સરકારી, અર્ધ:સરકારી કચેરીઓ દ્વારા સર્વિસ સોસાયટી દ્વારા લોકલ ટેક્ષો, વોટર ચાર્જીસ, મેઈન્ટેનન્સ ચાર્જીસ વિમો તથા અન્ય ચાર્જીસમાં વધારો થાય કરે તો તે બીજીતરફવાળાએ ભરવાના રહેશે અને તે અંગે કોઇ તકરાર કરવાની રહેશે નહી.

(એન) વધુમાં આ વેચાણ દસ્તાવેજથી તમો લખાવી લેનારને ફલેટના માલીકી હકકો પ્રાપ્ત થાય છે તે સિવાય તમો લખાવી લેનારને વપરાશી અન્ય કોઇ હકકો પ્રાપ્ત થતા નથી એટલું જ નહી પરંતુ સદરહુ યોજનામાં આવેલ કોમન એમેનીટીઝ કે ફેસીલીટીઝ અંગે તમોને કોઇ માલીકી હકક પ્રાપ્ત થતા નથી કે તેના માટે તમો લખાવી લેનાર ભવિષ્યમાં કોઇ હકક સ્થાપિત દાવા દુવી કરી શકશો નહી અને સદરહુ યોજનામાં આવેલ તમામ

કોમન એમેનીટીઝ અને ફેસીલીટીઝ ઈત્યાદી તમામ સર્વિસ સોસાયટીની માલીકીની રહેશે તથા બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર (બી.યુ) આવ્યા પછી એફ.એસ.આઇ,/વધારાની એફ.એસ.આઇ તથા ધાબા ઉપર પ્રમોટરનો કોઇ હક હિસ્સો રહેશે નહી ત્યાર પછીના હક્કો સદરહુ સોસાયટીના રહેશે.

(૨૪) સદરહુ **"શ્રી શરણ 70"** નામની યોજનાની સુવીધાઓ અંગે સર્વિસ સોસાયટી કે અન્ય બોડી રચવામાં આવેલી/આવનારી છે અને બનનાર સર્વિસ સોસાયટીના સભ્ય થવાનુ લખાવી લેનાર માટે ફરજીયાત છે તેમજ સોસાયટી તરફથી બિલ્ડીંગના કોમન સવલતો અંગે તથા તેના ખર્ચ અંગે જે માસિક કે વાર્ષિક કે અન્ય મુદતી કે અન્ય સ્વરૂપનું કોન્ટ્રીબ્યુશન લેવાનુ નકકી થાય તે કોન્ટ્રીબ્યુશનની રકમ તેમજ સદરહુ મકાનના વાર્ષિક મેઈન્ટેનન્સ વિગેરે માટે જે ખર્ચ નકકી કરવામાં આવે તે ખર્ચ તમો લખાવી લેનારે વરાડે પડતો ભોગવવાનો રહેશે જો તેમા તે ચુક કરશે કે વિલંબ કરશે તો કોમન સુવિધા વાપરવાનો હકક ગુમાવશે અને આવી સર્વિસ સોસાયટી અને/અથવા તેના સભાસદ તમને પાણી, લીફટ, પાર્કીંગ વિગેરે વાપરતા અટકાવી શકશો અને ત્યારે તે સામે લખાવી લેનાર વાંધો લઇ શકશે નહી જો કે આવી તમામ રકમ તથા વ્યાજ નુકશાની વિગેરે તમો લખાવી લેનાર જયારે ભરશો ત્યાર પછી તેવા હકકો તમો વાપરી શકશો.

(૨૫) વધુમાં તમો લખાવી લેનાર તથા અન્ય સભાસદોએ સદર સર્વિસ સોસાયટીના પેટા નિયમો તથા નીતિ નિયમોનો અને વખતો વખતના ઠરાવોનું પાલન કરવાનું રહેશે તેમજ સભાસદોના લાભાર્થે સદર સર્વિસ સોસાયટી કોમન સુવિધાઓ અંગે તથા અન્ય કારણોસર સદર સર્વિસ સોસાયટીના કારોબારી કમીટી/મેનેજીંગ કમીટી/જનરલ કમીટીમાં જે કોઇ નિર્ણય લે તે દરેક સભાસદો ને માન્ય રહેશે તેમજ તમોએ વેચાણ લીધેલ ફલેટ/દુકાન અન્ય કોઇને ભાડે, વેચાણ કે કોઇપણ પ્રકારે એસાઈન કરવાનુ હશે તો સદર સર્વિસ સોસાયટી નકકી કરે તે મુજબની ટ્રાન્સફર ફી લખાવી લેનારે કે મીલકત વેચાણ લેનારે ભરવાની રહેશે અને સોસાયટી પાસેથી વેચાણની પરવાનગી મેળવવાની રહેશે અને ત્યારબાદ જ તમો લખાવી લેનાર સદરહુ મીલકત ભાડે, વેચાણ, ગીરો કે કોઈપણ પ્રકારે એસાઈન કરી શકશો અને તેમ કરવામાં તમો લખાવી લેનાર કે અન્ય કોઇ સભાસદ કસુર કરે તો સદર સર્વીસ સોસાયટી પોતાને યોગ્ય લાગે તે પ્રમાણેની કાર્યવાહી કરવા હકકદાર રહેશે.

(૨૬) સદરહું **"શ્રી શરણ 70"** નામની ઓળખાતી બિલ્ડીંગમા જે કોઇ કોમન

સુવિધાઓ આવેલ છે તે તમામ તમો લખાવી લેનારે સદર બિલ્ડીંગના અન્ય સહ-માલિકો કે સહ-કબજેદારો તથા સહીયારા-સહ માલીકી કબજા હકકો કોઇપણ જાતની અડચણ કે અંતરાય ઉપસ્થિત ન થાય તે રીતે તેનો ઉપયોગ, ઉપભોગ કરવાનો છે તેમજ તમો લખાવી લેનારે ભવિષ્યમાં સદર મીલકતના તમામ પ્રકારના વેરાઓ ચુકવવાના રહેશે તેમજ સદરહુ જમીન ના ફ્લેટોના વેરાઓ, પાણી વેરા, ઈલેકટ્રીક વેરા, ટેક્ષો વિગેરે પણ ચુકવવા ના છે અને તેની જવાબદારી સદર બિલ્ડીંગના તમામ સભાસદોની “જોઈન્ટ એન્ડ સેવરલી” છે અને રહેશે તેમજ તે સિવાય આ યોજનાના રસ્તામા તથા સીડીમાં માર્જીનમાં વિગેરેમાં પ્રકાશ સારૂ રાખવામાં આવેલી કોમન લાઈટોનુ બળતણ ખર્ચ અને પાણી અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનમાંથી કે અન્ય રીતે મેળવવાનો ખર્ચ તથા નીચેની ટાંકીઓમાંથી ઉપરની ટાંકીમાં લઇ જવા સારૂ ઈલેકટ્રીક મોટરના બળતણનો ખર્ચ અને આવી મોટર પંપના નિભાવ તેમજ બદલીનો ખર્ચ તેમજ સફાઈનો ખર્ચ તેમજ અત્રે લખેલી ના હોય તેવા તમામ ખર્ચાઓની રકમ તમો લખાવી લેનાર તથા સદર યોજનાના અન્ય સભાસદોએ ઉપર જણાવેલ વિગતે ચુકવવાની રહેશે જો તમો લખાવી લેનાર કે અન્ય કોઇપણ સભાસદ આવી રકમ ચુકવવામાં નિષ્ફળ જશે તો કોમન સુવિધા વાપરવાનો હકક તમો બીજીતરફવાળા કે જે તે સભાસદે ગુમાવશે જો મેઈન્ટેનન્સ ખર્ચ માટે ફંડનુ આવતુ વ્યાજ આવા વહીવટ માટે ઓછુ પડે તો સર્વિસ સોસાયટી વધારાનું વહીવટી ફાળો લખાવી લેનાર તથા અન્ય સભાસદો પાસેથી ઉઘરાવી શકશે અને તે મુજબ વધારાનુ વહીવટી ખર્ચ પણ લખાવી લેનારે અને અન્ય સભાસદોએ ભરવાના રહેશે.

(૨૭) વધુમા સદરહુ યોજનાના માર્જીનની જમીન તથા રસ્તા ઉપર કોઇપણ પ્રકારનો સરસામાન તમો લખાવી લેનારે રાખવાનો રહેશે નહી અને લખી આપનારે લખાવી લેનારને ગ્રાઉન્ડ ફ્લોરમાં કોમન પાર્કીંગ આપેલ છે તેની લખાવી લેનારે પોતાના વાહનનુ પાર્કીંગ એરીયામાંજ કરવાનુ રહેશે અને જો ભવીષ્યમાં પાર્કીંગ અંગે વાદ વિવાદ ન થાય તે હેતુસર સર્વિસ સોસાયટી દરેક સભાસદોને એલોટેડ પાર્કીંગ આપે તો દરેક સભાસદે પોતાના વાહનો એલોટ કરેલ પાર્કીંગ એરીયામાંજ કરવાનુ રહેશે અને તે સિવાય અન્ય બીજી કોઇપણ જગ્યાએ તેઓ તેમના વાહનો પાર્ક કરી શકશે નહી કે તેમનો કોઈ હકક, હીત હિસ્સો ઉપસ્થિત કરી શકશે નહી અને એલોટ કર્યા સિવાયની પાર્કીંગની જગ્યા સર્વિસ પ્રમોટર્સ/એકતરફવાળા/સર્વિસ સોસાયટીની માલીકીની રહેશે અને તે એલોટ/વેચાણ કરવાના હકકો લખી આપનાર/

એકતરફવાળા/સર્વિસ સોસાયટી ને જ રહેશે અને લખી આપનાર/એકતરફ વાળા/સર્વીસ સોસાયટી પોતાને યોગ્ય લાગે તે રીતે તેનો વ્યય કે વ્યવસ્થા કરી શકશે તેમજ તમો લખાવી લેનારે બીજા સભાસદોને તકલીફ થાય કે અડચણ થાય તેવુ કોઈ કૃત્ય કરવાનું રહેશે નહી.

(૨૮) આ યોજનાની તમામ કોમન સગવડો તથા કોમન સુવિધાઓ સદર યોજનાના દરેક સભ્યોએ સહીયારે વાપરવાના રહેશે અને લખાવી લેનાર કે અન્ય કોઇપણ તેનુ વિભાજન માંગી શકશે નહી અને તે હર હંમેશા અવિભાજીત મીલકતો તરીકે આવેલ હોવાનુ ગણાશે તેથી તેનો ઉપયોગ તમો લખાવી લેનારે સદરહુ યોજનાના અન્ય સહ-માલીકો કે સહ-કબજેદારો સાથે સહીયારે કોઈપણ જાતની અડચણ કે અંતરાય ઉપસ્થિત ન થાય તે રીતે તેનો ઉપયોગ, ઉપભોગ કરવાનો છે તે કોમન સગવડો અંગે જ કોઇ કોમન વહીવટી ખર્ચ આપવાનો થાય તે વરાડે પડતો ખર્ચ તમામ લખાવી લેનારે આપવાનો છે.

(૨૯) વધુમા સદરહુ બિલ્ડીંગવાળી યોજના **"શ્રી શરણ 70"** ના નામથી ઓળખાશે અને તેના નામમાં કોઇ ફેરફાર કરવાનો લખાવી લેનારને કે બીજા યુનીટ હોલ્ડરને હકક રહેશે નહી.

(૩૦) વધુમા સદરહુ યોજનામા જે ફલેટો/દુકાનોનુ વેચાણ થવાનુ બાકી છે અને તેના હાલમાં વેચાણ દસ્તાવેજ થયેલ નથી તેવા ફલેટો/દુકાનોની સંપુર્ણ માલીકી લખી આપનારની રહેશે અને તેમા લખાવી લેનારે કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હીત હીસ્સો કે દાવો ઉપસ્થિત કરવાનો રહેશે નહી.

(૩૧) વધુમા તમો લખાવી લેનારે સદરહુ મીલકત વેચાણ રાખેલ છે તે સિવાય કોમન એરીયાની સુવિધાઓ વાપરવાના હકકો તમો લખાવી લેનારને આપવામાં આવેલ છે જે કોમન એરીયાની સગવડો તમામ મેઈન્ટેનન્સ નિયમીત તારીખે ચુકવી આપેથી જ વાપરવા મળશે અને જો મેઈન્ટેનન્સ નિયમીત ભરવામાં ન આવે તો સદર સગવડો મેળવવાના હકકોથી તમો લખાવી લેનારને બાદ રાખવામા આવશે એટલું જ નહી સદરહુ યોજનાની કોમન સુવિધાઓ પૈકી કોમન પાર્કીંગ, પેસેજ તથા કોમન પ્લોટમાં આવવા જવાના હકકો તમો લખાવી લેનારને આપવામા આવેલ છે પરંતુ યોજનાની અન્ય કોમન સુવિધાઓ જેવી કે ઈલેકટ્રીક સબ-સ્ટેશન, પંપ રૂમ, અન્ડર ગ્રાઉન્ડ ટાંકી, ધાબાની ટાંકી તથા અન્ય ઈક્વિપમેન્ટ સર્વિસ સોસાયટી દ્વારા વાપરવાના રહેશે તેમા આવવા-જવા કે વસ્તુ મુકવાનો તમો લખાવી લેનાર

ને કોઈ હકક કે અધિકાર રહેશે નહી.

(૩૨) વધુમા સદરહુ મીલકતનુ મેઈન્ટેનન્સ કરવા અર્થે સદરહુ યોજના માટે બનાવવામાં આવેલ સર્વિસ સોસાયટી અને/અથવા અમો લખી આપનાર તથા અમારા એન્જીનીયરો, કામદારો તેમનો સ્ટાફ સદરહુ મીલકતમા તથા યોજનામાં આવેલ દરેક જગ્યાએ જઇ શકે, રીપેરીંગ કામ કરી શકે છે, ગટર લાઈન, ઈલેકટ્રીક લાઈન માટે ખોદકામ કરી શકે છે દીવાલોમાં પ્લાસ્ટર રંગકામ કરી શકે છે તે અંગે તમો લખી આપનારે કયારેય પણ કોઈ અડચણ ઉપસ્થિત કરવાની રહેશે નહી.

(૩૩) વધુમાં તમો લખાવી લેનાર સારી રીતે જાણો છો કે ઉપરા ઉપરી ફલેટોના બિલ્ડીંગમાં સંડાસ, બાથરૂમ, કિચન વિગેરેની જગ્યામાંથી પાણી લીકેજ છે અને તે નીચે કે પડોશીની જગ્યામાં જાય છે અને તેનાથી નુકશાન થવાનો સંભવ છે અને પાણી હોવાથી સહેલાઈથી છટકે તેવો પ્રવાહી પદાર્થ છે અને તે માટે ગમે તેટલા પગલા લેવામા આવે તો પણ પાઈપના સાંધામાંથી તથા ટાઈલ્સના સાંધામાંથી લીકેજ છે આવુ લીકેજ બાંધકામની ગુણવત્તા સિવાય પણ સંભવી શકે છે જેવા કે સંડાસ, બાથરૂમ, કિચન ધોવા માટે એસિડનો વધારે પડતો ઉપયોગ હોઈ શકે તેથી તેવી જવાબદારી લખાવી લેનારની રહેશે અને તે અંગે કોઇ તકરાર લખાવી લેનારે લખી આપનારને કરવાની રહેશે નહી.

(૩૪) વધુમાં સદરહુ ફલેટના દરવાજાની ફ્રેમ એમ.એસ. થી બાનાવેલ છે અને ફ્લેટના દરવાજા લાકડામાંથી બનાવલા છે અને લાકડુ ચોમાસામાં ભેજને કારણે ફુલે તે બાબત સામાન્ય છે અને તેના કારણે બારણા ઉઘાડ-બંધ કરતા તકલીફ પડે તે સ્વભાવિક છે જયારે ફલેટની બારીઓ એલ્યુમીનીયમ સેકશન તથા કાચમાંથી બનાવેલ છે અને તે ખરાબ થાય તેવી સંભાવના રહેલ હોય છે તેમજ કાચ તુટી પણ શકે છે અને તે માટે ગમે તેટલા પ્રયત્ન કરીએ તો પણ તે સામે કશુ કરી શકાતું નથી તેથી તે અંગે લખાવી લેનારે લખી આપનારને કોઇ ફરીયાદ કરવાની રહેશે નહી કે તે અંગે લખી આપનારની કોઇ જવાબદારી રહેશે નહી.

(૩૫) વધુમાં લખી આપનારે સદર બિલ્ડીંગમા લીફ્ટો મુકાવેલ છે તે લીફ્ટો લખી આપનારે પોતે જાતે બનાવેલ નથી તે માટે પ્રતિષ્ઠિત કંપનીને કોન્ટ્રાકટ આપેલ છે અને તેવી પ્રતિષ્ઠિત કંપનીએ પોતે જાતે મેન્યુફેકચરીંગ

કરી કંપનીના જાણકાર ટેકનીયશન દ્વારા લીફ્ટો બિલ્ડીંગમાં મુકવામા આવેલ છે તેથી ભવિષ્યમાં તે અંગે કોઇ જાનહાની થાય કે કોઇ દુર્ઘટના થાય તો તેની તમામ જવાબદારી તે લીફ્ટો બનાવનાર કંપનીની રહે છે જેમાં લખી આપનારની કોઇ જવાબદારી નથી એટલું જ નહી પરંતુ લીફ્ટ એ ઈલેકટ્રીક સાધન છે જેનો ઉપયોગ યોગ્ય રીતે સાચવીને કરવામાં આવે અને વખતો વખત તેને સર્વિસ કરવામાં આવે તો તેને લાંબાગાળા સુધી તેને કશુ થાય નહી પરંતુ બેદરકારી રાખી તેનો ઉપયોગ કરવામાં આવે તો તે વારેઘડીએ બગડી શકે છે તેમજ ૧૦ (દસ) વર્ષથી નાના બાળકો લીફ્ટનો ઉપયોગ કરે નહી તેની સંપુર્ણ જવાબદરી માતા/પિતા/વાલીની રહેશે તેમજ સદરહુ યોજનાના તમામ બ્લોકમાં આવેલ લીફ્ટનો નિયમ અનુસાર ઉપયોગ કરવાનો રહેશે.

(૩૬) સદર બિલ્ડીંગ હાઈરાઈઝ હોઇ તેમા ફાયર સેફટીની વ્યવસ્થા કરવામાં આવેલ છે જે લગાવવા માટે પ્રતિષ્ઠીત કંપનીની નિમણુંક કરવામાં આવેલ છેઅને તેવી કંપની દ્વારા ફાયર સેફટીના બાટલા તથા પંપ ઈત્યાદી મુકવામાં આવેલ છે તેથી લખી આપનાર દ્વારા જણાવવામા આવે છે તે સદર ફાયર સેફટીના સંસાધનો લાંબા ગાળે પડયા રહેથી જામ થઈ શકે છે તેથી સદર ફાયર સેફટીના સંસાધનો જાણકાર ટેકનીશીયન દ્વારા નીયમીત સમયાંતરે ચકાસણી કરાવી લેવાની રહેશે તેનુ મેઈન્ટેનન્સ કરાવી લેવાનુ રહેશે અને તે અંગે ભવિષ્યમાં લખી આપનારની કોઈ જવાબદારી રહેશે નહી.

(૩૭) વધુમાં અમો લખી આપનાર દ્વારા સદરહુ મીલકતમાં જે કોઇ ફીટીંગ્સ, ફીકચર્સ આવેલ છે તે બ્રાન્ડેડ કંપનીની વાપરવામાં આવેલ છે તે તેવી કંપનીઓએ તેની વોરંટી આપેલ છે જે વોરંટી કાર્ડની નકલ તમો લખાવી લેનારને સોંપવામાં આવેલ છે તેથી ભવિષ્યમાં સદર વસ્તુ બગડી જાય તો તેની ફરીયાદ સદર કંપનીઓને કરવાની રહેશે અને તેઓની પાસેથી સદર વસ્તુ રીપેર કરાવવાની રહેશે અને જો તેવી બ્રાન્ડેડ કંપનીઓ વોરંટી સમયગાળામાં રીપેર ન કરી આપે તો તેઓના સામે કાયદેસર પગલાં લેવાના રહેશે તે અંગે અમો લખી આપનારની કોઇ જવાબદારી રહેશે નહી.

(૩૮) સદરહુ મીલકતનો વેચાણ અવેજ જો તમો એલોટીએ ચેકથી ચુકવેલ હોય તો સદર ચેક કલીયર થયેથી જ આ વેચાણ દસ્તાવેજ અમલમાં આવેલ હોવાનુ ગણાશે અને સદર ચેક કોઇપણ કારણોસર કલીયર ન થાય તો તેવા

સંજોગોમાં અમો લખી આપનાર તમો લખાવી લેનાર સામે કાયદેસર રીતે પગલા લેવા હકકદાર છીએ તેમજ આ વેચાણ દસ્તાવેજ રદ કરવા તેમજ સદરહુ મીલકત અન્ય કોઇને વેચાણ આપવા હકકદાર છે અને તે માટે જે કોઇ ખર્ચાઓ થાય તે બાદ કરી તમો લખાવી લેનારને સદરહુ મીલકત પેટે જે કોઈ રકમ ચુકવેલ હોય તે વગર વ્યાજે પરત આપવાની રહેશે.

(૩૯) સદરહુ મીલકત ગુજરાત સરકારે બહાર પાડેલ અશાંત વિસ્તારના નોટીફીકેશનમાં આવતી નથી અને સદરહુ મીલકત વટવા પોલીસ સ્ટેશનની હદમાં આવે છે તે વિસ્તાર શાંત વિસ્તાર છે અને અશાંત વિસ્તાર નહોતા અને નથી તેથી સદરહુ મીલકતના વેચાણ અંગે અશાંત વિસ્તાર તબદિલી ધારા નીચે સરકારશ્રીની કોઈ જ મંજુરી મેળવવાની જરૂર નથી.

(૪૦) આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, ટાઈપીંગ, ઝેરોક્ષ, પરચુરણ ખર્ચ તથા વકીલ ફી ઈત્યાદી તમામ તમો બીજીતરફવાળાએ ભોગવેલ છે તેમજ સદરહુ મીલકત અંગે મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ ની કલમ-૩૨(ક) હેઠળ કે અન્ય કોઈ કલમ હેઠળ જે કાંઈ વધારાની સ્ટેમ્પ ડ્યુટીની રકમ ભરવાની આવે તે તમામ તમો લખાવી લેનારે ભોગવવાની છે અને રહેશે અને તેમા અમો લખી આપનારની કોઈ જવાબદારી રહેશે નહી.

(૪૧) વધુમાં સદરહુ મીલકતના આ વેચાણ અંગે ભવિષ્યમાં કોઈપણ સર્વિસ ટેક્ષ, વેલ્યુ એડેટ ટેક્ષ (વેટ), સેલ્સ ટેક્ષ, જી.એસ.ટી તથા અન્ય ટેક્ષ ભરવા પડે તે તમો લખાવી લેનારે ભરવાના રહેશે તેમજ કેન્દ્ર સરકાર, રાજય સરકાર કે અન્ય કોઈ ઓથોરીટી કોઈપણ ડાયરેકટ કે ઈન ડાયરેકટ ટેક્ષો લાગુ પાડે તો તે પણ તમો લખાવી લેનારે ભરવાના રહેશે અને તે અંગે અમો લખી આપનારની કોઇ જવાબદારી રહેશે નહી.

(૪૨) વધુમાં આ વેચાણ દસ્તાવેજની કોઈપણ જોગવાઈ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પાડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો આવી જોગવાઈઓ આ વેચાણ દસ્તાવેજના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ અથવા તે હેઠળ ઘરવામાં આવેલા નિયમો

અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય, તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ વેચાણ દસ્તાવેજની બાકીની જોગવાઈઓ આ વેચાણ દસ્તાવેજના અમલ વખતે લાગુ પડતી હતી એજ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

(૪૩) વધુમાં આ વેચાણ દસ્તાવેજની શરતો અંગે ભવિષ્યમાં અમો લખી આપનાર તથા તમો લખાવી લેનાર વચ્ચે કોઇ વાદ-વિવાદ થાય તો તેનો નિકાલ કોર્ટ મારફતે ન લાવતા ધી આર્બીટ્રિશન એન્ડ કોન્સીલીએશન એકટ, ૧૯૯૬ ના કાયદા હેઠળ લવાદ મારફતે લાવવાનો રહેશે અને સદર કાયદામાં જણાવેલ જોગવાઈ અનુસાર લવાદની નિમણુંક કરવાની રહેશે અને તે લવાદ જે કોઇ નિર્ણય લે તે તમામ અમો લખી આપનાર અને તમો લખાવી લેનારને બંધનકર્તા રહેશે તે અંગે જે કોઈ નિર્ણયો લેવાના થાય તે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ તથા ધી ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ, ૧૯૭૩ હેઠળ લાવવાનો રહેશે વધુમા આ વેચાણ દસ્તાવેજનું કાયદાનુ ક્ષેત્ર અમદાવાદ રહેશે.

પરિશિષ્ટ-૧

જત ડીસ્ટીકટ સબ-ડીસ્ટીકટ અમદાવાદના વટવા તાલુકાના મોજે ગામ **લાભાં** ની સીમના **ખાતા નં.૧૧૬** ના **સર્વે નં.૪૨૭અ** (જુના **સર્વે નં.૪૬૨**) ની **હે.આરે.ચો.મી.૦-૨૨-૨૬** ના **આકાર રૂ.૪.૬૯** પૈસાવાળી જમીન જેનો સમાવેશ **ટી.પી. સ્કીમ નં.૮૨** માં થતા મળેલ **ફા.પ્લોટ નં.૪૯** ની **૧૩૩૬ ચો.મી.** બીનખેતીની જમીન ઉપર આવેલ **"શ્રી શરણ 70"** ના નામે ઓળખાતી યોજનામા આવેલ **બ્લોક નં.** ના **ફલોર** ઉપર આવેલ **ફલેટ નં.** ક્ષેત્રફળ **ચો.મી.** રેરા કારપેટ એરીયા તથા **ચો.મી**. વોશ, બાલ્કની એરીયા તથા સદરહુ યોજનાની કુલ જમીનમાં વણ વહેંચાયેલ **ચો.મી.** જમીન સંયુકત રીતે વાપર ઉપયોગ કરવાના હકક, હિસ્સા સહીતની મીલકત

જેના ખુંટ ચારની વિગતઃ-

પુર્વ :-

પશ્ચિમે :-

ઉત્તરે :-

દક્ષિણે :-

પરીશીષ્ટ-૨

૧. દરેક બ્લોકમા બે લીફ્ટ
૨. સિનીયર સિટીઝન સીટીંગ એરીયા
૩. ફોર વ્હીલર અને ટુ વ્હીલર માટે કોમન પાર્કીંગ
૪. કોમન અન્ડરગ્રાઉન્ડ વોટર ટેન્ક સાથે
૫. દરેક બ્લોકમાં ઓવરહેડ, વોટર ટેન્ક
૬. કમ્પાઉન્ડ વોલ
૭. ડ્રેનેજ
૮. આર.સી.સી. રોડ, સ્ટ્રીટ લાઈટ સાથે
૯. આકર્ષક મેઈન ગેટ સિકયોરીટી કેબીન સાથે
૧૦. સીસીટીવી કેમેરા

આ કરારની જોગવાઇ, ઉક્ત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અને વિનિમયો હેઠળ અથવા લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નક્કી કરવામાં આવે તો આવી જોગવાઇઓ તે આ કરારના હેતુ સાથે અસંગત હોય એટલા પુરતી અને આ અધિનિયમ અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકી જોગવાઇઓ આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એરીતે માન્ય અને અમલાપાત્ર રહેશે.

એ રીતેના નંબર, માપ તથા ખુંટ ચાર વચલી મીલકત અમો લખી આપનાર યાને એકતરફવાળાએ તમો લખાવી લેનાર યાને બીજીતરફવાળાને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે તે બાબતનો આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે તમો લખાવી લેનારને અમારી રાજીખુશીથી તથા અકકલ હોંશીયારીથી, વાંચી સમજી, વિચારી કોઈના કોઈપણ જાતના દાબ-દબાણમાં આવ્યા સિવાય કે કોઈની શેહ શરમમાં આવ્યા સિવાય મુકત સંમતિથી લખી આપેલ છે જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો, એસાઈનીઓ તથા અમારા હાલના તથા વખતો વખતના ભાગીદારો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે ઉપર લખ્યું તે સહી છે.

અમદાવાદ

તા.

અત્રે-----------------------------મતુ અત્રે--------------------------શાખ

એકતરફવાળા

સર્જન ઇન્ફ્રાસ્ટ્રક્ચર એ નામની ભાગીદારી
પેઢીના વતી અને તરફથી તેના
અધિકૃત ભાગીદાર

....
ધર્મેશ ભરતભાઇ પ્રજાપતિ

....
(સાક્ષીઓ)

મીલકતનો ફ્રોટોગ્રાફ

મીલકતનું સરનામું :- ફ્લેટ નં. , “શ્રી શરણ 70”, લાંભા, અમદાવાદ

લખી આપનાર :- ______________________________

લખાવી લેનાર :- ______________________________

મીલકતનો ફોટોગ્રાફ

મીલકતનું સરનામું :- ફ્લેટ નં. “શ્રી શરણ 70”, લાંભા, અમદાવાદ

લખી આપનાર :- ________________________

લખાવી લેનાર :- ________________________

રજીસ્ટ્રેશન અધિનિયમ કલમ-૩૨(અ) મુજબનું પરિશિષ્ટ

----------------------------------- --------------------------

(લખી આપનાર) (અંગુઠાનું નિશાન)

સર્જન ઇન્ફ્રાસ્ટ્રકચર એ નામની ભાગીદારી

પેઢીના અધિકૃત ભાગીદાર

ધર્મેશ ભરતભાઇ પ્રજાપતિ

----------------------------------- --------------------------

(લખાવી લેનાર) (અંગુઠાનું નિશાન)